દાખલ તારીખ : ૧૫.૦૬.૨૦૨૬
નોંધ્યા તારીખ : ૧૫.૦૬.૨૦૨૬
નિર્ણય તારીખ : ૧૮.૦૬.૨૦૨૬
મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૩

==========================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. એડી. સેશન્સ જજ (શ્રી જે. જે. પંડયા સાહેબ)ની કોર્ટમાં,મુ. વેરાવળ**

==========================================================

**ફો. પ. અ. નં.૨૫૪/૨૦૨૬**
**આંક–**

**ભીખાભાઈ આતુભાઇ મકવાણા**
ઉ.વ.આ:૭૫,ધંધો:મજુરી,
રહે:ગીર ગઢડા,તા:ગીરગઢડા
હાલ રહે. જીલ્લા જેલ જુનાગઢ. **...... અરજદાર**

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર** **...... સામાવાળા**

----------------------------------------

અરજદાર તરફે વિ.વ.શ્રી બી.બી.સોલંકી
શ્રી સરકાર તરફે વિ. પબ્લીક પ્રોસીકયુટરશ્રી કે.ડી.વાળા

----------------------------------------

**:: બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી ::**

**:: ચૂકાદો ::**

**(૧)** આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ ગીરગઢડા પો.ગુ.ર.નં–૧૧૧૮૬૦૦૧૨૬૦૦૮૨/૨૦૨૬ ધી નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ અધિનિયમ, ૧૯૮૫ (એન.ડી.પી.એસ. એક્ટ, ૧૯૮૫) ની કલમ ૮(સી), ૨૦(બી)(ii) (સી) મુજબના ગુના સબબ જયુડીશયલ કસ્ટડીમાં હોય, તેઓએ જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

**(૨)** અરજદારની અરજી સંબંધે સરકારશ્રીને નોટીશ કરવામાં આવતા સરકાર તરફે વિ. પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા હાજર થયેલ છે અને તેઓએ ત. ક. અમલદારશ્રીનું સોગંદનામું તથા પોલીસ તપાસના કાગળો રજુ કરેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ બહારગામ હોય હિયરીંગમાં પહોંચી શકેલ ન હોય આંક-૪ થી દલીલ માટે મુદત માટે માંગેલ છે. જેથી તે અરજી હેઠળ એવો હુકમ કરવામાં આવેલ છે કે, ત.ક.અમલદારશ્રી ઉઘડતી કોર્ટથી હાજર હોય અને અરજદારના વિ.વ.શ્રી તરફે ૧:૪૫ કલાકે રીપોર્ટ આપવામાં આવેલ હોય અરજી નામંજુર કરવામાં આવેલ છે. અને રીશેષ સમય બાદ પણ અરજદાર તરફે કોઈ વિ.વ.શ્રી હાજર રહેલ નથી. જેથી અરજી મુજબ દલીલ ગણી લેવામાં આવેલ છે.

(૪) ફરિયાદપક્ષે વિ. પબ્લીક પ્રોસીક્યુટર શ્રી કે.ડી.વાળાની દલીલ છે કે, આરોપી/અરજદાર પાસેથી મુદ્દામાલ મળી આવેલો છે. ચાર્જશીટ ફાઇલ થઇ ગયેલ છે. અરજદારના કબજામાથી ૫૫ કિલો ૩૨૦ ગ્રામ મુદ્દામાલ ગાંજો છોડ સાથે મળી આવેલ છે. જેથી આરોપીને જો જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજમાં અવળી અસર પડે તેમ છે જેથી જામીન અરજી નામંજુર કરવા વિનંતી છે.

(૫) ફરિયાદ તથા ચાર્જશીટ સાથેના કાગળો, તપાસ કરનાર અમલદારશ્રીનું સોગંદનામું ધ્યાને લેતા એ હકીકત ફલીત થાય છે કે, તા.૦૫.૦૨.૨૦૨૬ ના કલાક ૧૮:૦૦ વાગ્યે એસ.ઓ.જી.શાખા ગીરસોમનાથના પી.આઇશ્રી તથા અન્ય પોલીસસ્ટાફના ગીરગઢડા પો.સ્ટે. ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તેઓને બાતમી મળેલ કે, ગીરગડઢા ખાતે રહેતા ભીખાભાઇ આતુભાઇ પોતાના રહેણાંકના મકાનના વાડામાં ગેરકાયદેસર ગાંજાના છોડનુ વાવેતર કરે છે અને ગાંજો સુકાઇને તૈયાર થયા બાદ વેચાણ કરવાનો હોય તેવી બાતમી મળતા એસ.ઓ.જી ગુપ્ત રજીસ્ટરમાં નોંધ કરી રેઇડ કરેલ ત્યારે આ કામના અરજદાર/આરોપીના પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનના વાડામાં (૧) માદક પદાર્થ વનસ્પતિ જન્યગાંજાના છોડ જે આશરે ૦.૫ ફૂટથી ૪ ફુટ લંબાઇના નાના મોટા છોડ જેનું નેટ વજન – ૫૫ કિલો ૩૨૦ ગ્રામ (પંચાવન કિલો ત્રણસોવીસ ગ્રામ) કિ.રૂ.૨૭,૬૬,૦૦૦/- (સત્યાવીસ લાખ છાસઠ હજાર) ના મુદામાલ મળી આવેલ હતો. આમ, સદર અરજદાર મોટી ઉંમરના છે. પરંતુ તેઓના રહેણાંકી મકાનના વાડામાં માદકપદાર્થ ગાંજાનુ વાવેતર મળી આવેલ અને આ ગાંજો સુકાયા બાદ વેચવાનો આરોપીનો ઇરાદો હોય આરોપી

પાસેથી કોર્મશીયલ કવોન્ટીટીમાં મુદ્દામાલ મળી આવેલો હોય **નામદાર સુપ્રિમ કોર્ટના સ્ટેટ ઓફ પંજાબ વિરૂધ્ધ સુખવિંદર સિંઘ ૨૦૨૬(૦) એઆઈજેઈએલ–એસસી ૭૬૮૮૮** ના ચૂકાદામાં ઠરાવેલ સિધ્ધાંત તથા એનડીપીએસની કલમ–૩૭ ની જોગવાઈ મુજબ આરોપીને જામીન ઉપર મુકત કરવા યોગ્ય જણાતુ ન હોય તેમજ જો અરજદારને જામીન પર મુકત કરવામાં આવે તો સમાજમાં અવળી અસર પડે અને યુવાધન નશાની લતે ચઢી જાય અને આરોપીને જો જામીન ઉપર મુકત કરવામાં આવે તો સોમનાથ જેવા યાત્રાધામ અને પ્રવાસના સ્થળોએ આ પ્રકારની નશાકારક પ્રવૃતિ વધે તેમ હોય, અરજદારની અરજી મંજુર કરવા યોગ્ય જણાતુ ન હોય નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**ઃ: આખરી હુકમ ઃ:**

**(૧)** અરજદાર/આરોપીની બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવાની હાલની અરજી **નામંજૂર** કરવામાં આવે છે.

**(૨)** અરજદાર/આરોપી હાલ જેલમા હોય, તેઓને આ હુકમની જાણ કરતી યાદી, સંબંધિત જેલ ઓથોરીટીને ઈમેઈલ દ્વારા કરવી.

આજરોજ આ હુકમ તા.૧૮, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮/૦૬/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીગ્નેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬

k.r.a.